# ROYAL SECONDARY & GIRLS SCHOOL -DHORAJI

**Std :- 10th** **Round Test 02** **Dt.21-01-2025**

**Time :- 3:00 hours** **Sub : Social Science** **Marks :- 80**

*** નીચે આપેલા પ્રશ્નોનાં માગ્યા મુજબ ઉત્તર લખો. (દરેકના 1 ગુણ)** **(24)**

*** જોડકાં જોડો.**

| વિભાગ -A | વિભાગ -B |
|---|---|
| 1) તાના-રીરી મહોત્સવ | A) ગુજરાત |
| 2) લાકડાનું ફર્નિચર | B) કર્ણાટક |
| 3)નળ સરોવર | C) 71% |
| 4) લોખંડનું સૌથી વધુ ઉત્પાદન કરતું રાજ્ય | D) વડનગર |
| 5) પૃથ્વી પર પાણીનું પ્રમાણ | E) સંખેડા |
| | F) 26% |

*** નીચેનાં વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

6) 'વેદ' નો અર્થ 'જ્ઞાન' થાય છે.

7) કડીયાડુંગરની ગુફા જૂનાગઢ જિલ્લામાં આવેલી છે.

8) ગોળાઇમાં લેન બદલતી વખતે વાહન ચાલકે જરૂરી સંકેતો બતાવવા જોઈએ.

9) કિશોરીઓને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે 'મિશન મંગલમ્' યોજના છે.

10) કે.એન.એફ મણીપુરનું બળવાખોરી સંગઠન છે.

*** યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.**

11) પર્યટન ઉદ્યોગથી રાજ્યને ............લાભ થાય છે. (સામાજીક, આર્થિક, રાજકીય)

12) ભારતે ........... ની ભાવનાને વિશ્વમાં સાકારિત કરી છે.
(વસુધૈવ મનુષ્યકમ્, વસુધૈવ જગતમ્, વસુધૈવ કુટુંબકમ્)

13) ઉર્જાનો મુખ્ય સ્ત્રોત ....................... છે. (પૃથ્વી, સુર્ય, સમુદ્ર)

14) નાગાર્જુન સાગર યોજના .......................... રાજ્યમાં છે. (પંજાબ, બિહાર, આંધ્રપ્રદેશ)

15) પરિવહનમાં સૌથી ઝડપી અને ખર્ચાળ .................... છે. (રેલ્વેમાર્ગ, હવાઇમાર્ગ, સડકમાર્ગ)

*** નીચેનાં પ્રશ્નોનાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.**

16) ભારતીય સંગ્રહાલય ...............

A) મુંબઇ B) કોલકાતા C) ભોપાલ D) ગાંધીનગર

17) નીચેનામાંથી કોઇ એક રાજ્યને નર્મદા ખીણ યોજનાંનો લાભ મળતો નથી. તે અલગ તારવો.

A) ગુજરાત B) રાજસ્થાન C) તમિલનાડુ D) મધ્યપ્રદેશ

18) નીચેનામાંથી એક વિધાન ખોટું છે. તે શોધો.

A) નહેરો સિંચાઇનું બીજું માધ્યમ છે.

B) ભારતનાં 50%શહેરોમાં પીવાલાયક પાણીની અછત છે.

C) ધરોઇ યોજના સાબરમતી નદી પર છે.

D) ઉકાઇ યોજના તાપી નદી પર છે.

19) જંગલો અને કાચી ધાતુઓનું ખોદકામ વગેરે પ્રવૃતિઓનો સમાવેશ કયા વિભાગમાં થાય છે ?

A) પ્રાથમિક ક્ષેત્ર B)માધ્યમિક ક્ષેત્ર C)સેવા ક્ષેત્ર D)આર્થિક ક્ષેત્ર

20) કોઇ પણ મોટર વાહન ચલાવવા માટે જરૂરી પરવાનાને કેવું લાઇસન્સ કહે છે ?

A)ફિટનેશ B)સિટીંગ C)ડ્રાઇવિંગ D)ઉપરનામાંથી કોઇ નહી

* નીચેનાં પ્રશ્નોનાં સંક્ષિપ્ત (એક - બે શબ્દો)માં ઉતર લખો.

21) ગુજરાતનું ઓટોમેટીક લોક ગેઇટ ધરાવતું એકમાત્ર બંદર કયું છે ?

22) રાષ્ટ્રિય જળમાર્ગ નં -1 કઇ નદી પર છે ?

23) ઉત્પાદનનું સજીવ સાધન કયું છે ?

24) રશિયા, ચીન વગેરે દેશોએ પોતાનો વિકાસ કઇ આર્થિક પદ્ધતિથી કર્યો છે ?

## SECTION - B

* નીચે આપેલા 13 પ્રશ્નોમાંથી કોઇ પણ 9 પ્રશ્નોનાં ટૂંકમાં ઉતર લખો. (દરેકના 2 ગુણ) **(18)**

25) આપણે નદીઓને “લોકમાતા” નું બિરુદ આપ્યું છે. શા માટે ?

26) ભારતની એક પ્રજા તરીકે આર્યોનો પરિચય આપો.

27) પાટણનાં પટોળા વિશે માહિતી આપો.

28) ગુજરાતનાં આદીવાસી નૃત્યો વિશે માહિતી આપો.

29) ઈલોરાની ગુફાઓ વિશે માહિતી આપો.

30) તાંજોરનાં રાજરાજેશ્વર મંદિર વિશે માહિતી આપો.

31) સંકલ્પનાં સમજાવો:-1) અભ્યારણ્ય 2) રાષ્ટ્રિય ઉધાન

32) આજે બિનપરંપરાગત ઊર્જાશકિતનો ઉપયોગ શા માટે વધ્યો છે ?

33) બાયોગેસ વિશે ટૂંકનોંધ લખો.

34) ઔધોગિક પ્રદૂષણો વિશે માહિતી આપો.

35) ભારતનાં રાસાયણિક ખાતર ઉદ્યોગ વિશે માહિતી આપો.

36) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ કોને કહેવામાં આવે છે ?

37) આતંકવાદની સામાજીક અસરો જણાવો.

## SECTION - C

* નીચે આપેલા 9 પ્રશ્નોમાંથી કોઇ પણ 6 પ્રશ્નોનાં ટૂંકમાં ઉતર લખો. (દરેકના 3 ગુણ) **(18)**

38) ચિત્રમાં દર્શાવેલા પ્રાચીન શહેર વિશેની માહિતી આપો.



39) મોહેં-જો-દડોનાં મકાનોની વિશેષતાઓ જણાવો.

40) ચંદ્રગુપ્ત મૌર્ય અને કૌટીલ્યએ જ્યાં શિક્ષણ લીધું છે તે
વિદ્યાપીઠ વિશે માહિતી આપો.

41) જમીન ધોવાણ અટકાવવાનાં ઉપાયો જણાવો.

42) સંસાધનોનાં ઉપયોગો જણાવો.

43) પર્યાવરણની સુરક્ષા માટે લેવાયેલા પગલાઓ જણાવો.

44) સમજાવો : “કાળુ નાણું ભાવવધારાનું એક કારણ છે.”

45) ગ્રાહકોની ફરજો ટૂંકમાં વર્ણવો.

46) મહિલા સશકિતકરણ એટલે શું ? તેનાં અવરોધક પરીબળો જણાવો.

## SECTION - D

*** નીચે આપેલા પ્રશ્ન નંઃ 47 થી 53 માંથી કોઇ પણ 4 પ્રશ્નોનાં સવિસ્તર ઉતર આપો. પ્રશ્ન નંઃ-54 નકશાપૂર્તિનો છે, જે ફરજીયાત છે.(દરેકના 4 ગુણ)** **(20)**

47) પ્રાચીન ભારતે ગણિતશાસ્ત્રમાં સાધેલી પ્રગતિ વર્ણવો.

48) ટૂંકનોંધ લખો : પ્રાચીન ભારતનું વાસ્તુશાસ્ત્ર

49) ચિત્રમાં દર્શાવેલા પાક વિશેની સંપૂર્ણ માહિતી આપો.



50) ભારતમાં કૃષિ ક્ષેત્રે થયેલા સંસ્થાગત સુધારાઓ જણાવો.

51) શ્રમશકિતનાં આયોજન માટે કયાં કયાં પગલાં ભરી શકાય ?

52) ગરીબી ઉદ્દભવનાં કારણો જણાવો.

53) બાળકોનાં મફત અને ફરજીયાત શિક્ષણનાં અધિકારની મુખ્ય જોગવાઇઓ જણાવો.

54) તમને આપેલા ભારતનાં રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞાઓ વડે, યોગ્ય સ્થાને દર્શાવો.

1) લેટેરાઇટ જમીન ધરાવતો કોઇ એક પ્રદેશ    2) કાઝીરંગા રાષ્ટ્રિય ઉદ્યાન

3) બાજરી ઉત્પન્ન કરતો કોઇ એક પ્રદેશ    4) ઇલેકટ્રોનિકસ ઉદ્યોગનું કેન્દ્ર - બેંગ્લુરું

# **BEST OF LUCK**